| GJJM090001942024 | કેસ દાખલ તારીખ: ૧૫/૦૩/૨૦૨૪ |
| --- | --- |
| | કેસ નોંધ્યા તારીખ : ૧૫/૦૩/૨૦૨૪ |
| | ઠરાવ જાહેર તારીખ: ૨૦/૦૩/૨૦૨૬ |
| | અવધિઃ ૦૨ વર્ષ, ૦૦ માસ, ૦૫ દિવસ |

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ર્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**ફોજદારી કેસ નં.–૧૫૭/૨૦૨૪**
**આંક–**

**ફરીયાદી :** શ્રી સરકાર,
(જોડીયા પો.સ્ટે.ફસ્ર્ટ ગુ.ર.નં. ૦૩૨૭/૨૦૨૩ )

**વિ રૂ ઘ્ધ.**

**આરોપી :** નરેશભાઇ ગોવીંદભાઇ પઢીયાર,
ઉ.વ.૩૫, ધંધો– ડ્રાઇવીંગ,
રહે. પીઠડ ગામ,
તા.જોડીયા, જી.જામનગર

---

**ગુનો :–** **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

---

ફરિયાદપક્ષ તર્ફે – વિ.એ.પી.પી.શ્રી. એન.કે.પરમાર
બચાવપક્ષ તર્ફે – વિ. વકિલ શ્રી આર.બી.પંડયા

---

**-: ઠ રા વ :-**

(૦૧) **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે** :-

તારીખ ૨૭/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૬/૧૫ વાગ્યાની આસપાસ રસનાળ ગામથી પીઠડ ગામ જતા શીતળા માતાજીના મંદીર પાસે રોડ ઉપર પહોંચતા, આ કામના આરોપી તેમની પાસે રહેલ ઇકો ગાડી રજી નંબર- જી.જે.૩૬ એ.સી.૫૫૦૦ ને પુરઝડપે, ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના પિતાના મોટર સાઇકલ નંબર- જી.જે.૧૦.બી.એચ.૬૬૩૨ ને સામેથી ભટકાડી રોડ ઉપર પછાડી દઇ ફરીયાદીના પિતાને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાર પહોંચાડી મોત નીપજાવી ગુન્હો કરેલ હોય જેથી ઉપરોકત બનાવ અંગેની હાલની ફરીયાદીએ જોડીયા પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં.૦૩૨૭/૨૦૨૩ થી ભારતીય દંડ સહીતાની કલમ-૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબની ફરીયાદ નોંધવતા, તે ફરીયાદની તપાસના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસ કરી,લાગતા-વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપી સામે પુરતો પુરાવો મળતા નામદાર અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૦૨) **અદાલતે અનુસરેલી કાર્યવાહી :-**

પોલીસે કરેલા ચાર્જશીટના અનુસંધાને અત્રેની અદાલત દવારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૯૦(બી) મુજબ ગુનાનુ સંજ્ઞાન લેવામા આવેલ. ત્યારબાદ સદરહુ કેસમાં આરોપી ઉપર પ્રોસેસ/ સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં સમન્સ બજતા, આરોપી અદાલતમાં હાજર થયેલા છે. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૮ની જોગવાઈ મુજબ આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે.

(૦૩) **કાનુની સહાય અંગે:-**

આરોપી અદાલતમાં હાજર થતા તેમને તેના વિરુધ્ધમાં રહેલા કેસ અંગેની જાણ કરી તેમને એવુ જણાવવામાં આવેલ છે કે, જો તેઓ તેમની સામે રહેલા કેસનો બચાવ કરવા માટે આર્થીક રીતે સક્ષમ ન હોય તો તેમને ભારતીય બંધારણના આર્ટીકલ-૩૯(એ) તેમજ

ગુજરાત લીગલ સર્વિસ ઓથોરીટી એકટમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ અત્રેની અદાલતની તાલુકા કાનુની સેવા સમીતી ધ્વારા કાનુની સહાય તેમને નિયમાનુસાર મળી શકે છે. આરોપીએ અદાલત રુબરુ એવુ જણાવેલ છે કે, તેઓ કાનુની સહાય મેળવવા માંગતા નથી અને તેમની પસંદગીના વકીલ કેસનો બચાવ કરવા માટે તેઓ ધ્વારા રાખવામાં આવેલ છે. એટલે કે, ભારતીય બંધારણના આર્ટીકલ–૨૨ તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૦૩ મુજબ આરોપીએ પોતાની પસંદગીના વકીલ આ કામમાં રોકવામાં આવેલ છે.

(૦૪) **<u>ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૦૧ :–</u>**

હાલના કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૦૧ની જોગવાઈઓ તેમજ ક્રીમીનલ મેન્યુઅલના પેરા નં.૧૩૫ ની જોગવાઈ ધ્યાને લઈ, અત્રેની અદાલતના આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરશ્રીએ સરકારપક્ષે હાજર રહી પ્રોસીકયુટીંગનુ કામ કરેલ છે.

(૦૫) **<u>ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૦ :–</u>**

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૦ની જોગવાઈ ધ્યાને રાખી, આ કામના આરોપીની આંક–૦૪ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે.

(૦૬) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

**(એ) મૌખિક પુરાવો :–**

| | |
|---|---|
| આંક–૦૬ | ફરીયાદી ગીરીશભાઇ રાયધનભાઇ બસીયાનાઓની જુબાની |
| આંક–૧૦ | પંચ સાહેદ જીતેન્દ્રભાઇ કાંતિભાઇ માલવીયાનાઓની જુબાની |
| આંક–૧૨ | પંચ સાહેદ નિલેશભાઇ હાજરાભાઇ કુંભારવાડીયાનાઓની જુબાની |
| આંક–૧૪ | પંચ સાહેદ પ્રવિણસિંહ નટુભા જાડેજાનાઓની જુબાની |
| આંક–૧૬ | પંચ સાહેદ હરેશભાઇ હેમતભાઇ દેવમુરારીનાઓની જુબાની |

આંક–૧૭ સાહેદ વિક્રમસિંહ સદુભા જાડેજાનાઓની જુબાની
આંક–૧૮ સાહેદ કિશોરસિંહ પ્રભાતસિંહ જાડેજાનાઓની જુબાની
આંક–૨૦ સાહેદ મહેશભાઇ દેવદાનભાઇ બસીયાનાઓની જુબાની
આંક–૨૧ સાહેદ અશોકભાઇ મેસુરભાઇ બસીયાનાઓની જુબાની
આંક–૨૪ સાહેદ કુલદીપભાઇ રમેશભાઇ બસીયાનાઓની જુબાની
આંક–૨૫ સાહેદ મનસુખભાઇ મેસુરભાઇ બસીયાનાઓની જુબાની
આંક–૨૯ ત.ક.અ.શ્રી ભદ્રરાજસિંહ લાલુભા ઝાલાનાઓની જુબાની

**(બી) દસ્તાવેજી પુરાવો :–**

આંક–૦૭ ફરીયાદ
આંક–૧૧ ઈન્કવેસ્ટ પંચનામું
આંક–૧૫ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ
આંક–૩૦,૩૧ અકસ્માત રીપોર્ટ ફોર્મ્સ
આંક–૩૨ પી.એમ. નોટ

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આંક– ૩૩ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો આપવો નથી તેવુ જાહેર કર્યુ છે જેથી આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૦૭) ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવા ઘ્યાને લેવામાં આવે તો આરોપીનુ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોધવામાં આવેલ છે જેમા આરોપીએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓની ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે જેથી તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૦૮) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પરમાર તથા આરોપી તર્ફે વિ.વ.શ્રી. આર.બી.પંડયાનાઓની દલીલો સાભળવામાં આવી.

(૦૯) રેકર્ડ પરની સમગ્ર હકીકતો અને રજુ થયેલ તમામ પુરાવાઓને લક્ષમાં લેતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહીનો અંત લાવવા સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–//મુદ્દાઓ//–**

| | |
|---|---|
| ૦૧. | શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તારીખ ૨૭/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૬/૧૫ વાગ્યાની આસપાસ રસનાળ ગામથી પીઠડ ગામ જતા શીતળા માતાજીના મંદીર પાસે રોડ ઉપર પહોંચતા, આ કામના આરોપી તેમની પાસે રહેલ ઇકો ગાડી રજી નંબર– જી.જે.૩૬ એ.સી.૫૫૦૦ ને પુરઝડપે, ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના પિતાના મોટર સાઇકલ નંબર– જી.જે.૧૦.બી.એચ.૬૬૩૨ ને સામેથી ભટકાડી રોડ ઉપર પછાડી દઈ ફરીયાદીના પિતાને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાર પહોંચાડી મોત નીપજાવી, ભારતીય દંડ સહીતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે? |
| ૦૨. | શું હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદ્દા પરત્વે ના મારા ઉતરો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

***મુદ્દા નંબર–૧ પરત્વે કારણો :–***

(૧૧) આરોપી સામેનો હાલનો ગુન્હો ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામેના ગુન્હાની હકિકત ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે અને હાલના કેસમાં પણ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકિકત સાબિત કરવાનો પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલો છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ અન્વયેનુ ગુનાહિત કૃત્ય પુરવાર કરવા માટે બનાવ વખતે આરોપીએ જાહેર રસ્તા ઉપર પોતાનુ વાહન જાહેર રસ્તા ઉપર મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય એ રીતે અથવા તો કોઈપણ વ્યકિતને વ્યથા અથવા તો હાની પહોંચે તે રીતે બેફામપણે અને ગફલતભરી રીતે હંકારતા હોવાની હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે.

(૧૧.૧) ઉપરોક્ત આવશ્યક તત્વોને ધ્યાને લઇ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૬ થી આ કામના ફરીયાદી ગીરીશભાઈ રાયધનભાઈ બસીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, સદર બનાવ તાઃ–૨૭/૧૨/૨૦૨૩ ના રોજ બનેલ. બનાવ બનેલ ત્યારે તેઓ મોરબી સીરામીકના કારખાનામાં હતા અને તેઓના મામી મનીષાબેને ૪–૩૦ વાગ્યે ફોન કરેલો. ફોનમાં તેમને જણાવેલ કે તેઓના પીતાજીનું પીઠડ અને રસનાળ વચ્ચે અકસ્માત થયેલ છે. જેથી તેઓએ તેમના ભાઈ રાહુલને ફોન કરેલ. ત્યારબાદ તેઓ બંન્ને ભાઈઓ મોરબીથી રસનાળ જવા માટે નીકળેલા. ત્યારબાદ તેઓ અડધે રસ્તે હતા ત્યારે તેઓના મામાના દીકરા અજયભાઈ ડાંગરનો ફોન આવેલ કે તમો ધ્રોલ સરકારી હોસ્પીટલે આવજો. જેથી તેઓ ધ્રોલ સરકારી હોસ્પીટલે ગયેલ. તેઓ પહોંચેલ ત્યારે તેઓના પીતાજી અવસાન પામેલ હતા અને તેઓ પોતાના પીતાજીને અકસ્માત થતા ઈક્કો ગાડીના ચાલકજ તેઓના પીતાજીને હોસ્પીટલમાં સારવાર અર્થે લાવેલ. ઈક્કો ગાડી સફેદ કલરની જેના રજી. નં–જીજે.–૩૬–એસી–૫૫૦૦ હતા અને ગાડીના ચાલકનું નામ નરેશ ગોવિંદભાઈ પઢીયાર હતુ.સાહેદ આરોપીને ના.કોર્ટમાં ઓળખી બતાવે છે. તેઓના પીતાજીને તેઓએ દવાખાનામાં ગયેલા ત્યારે માથાના ભાગે ઈજા થયેલી અને પગ પણ વળી ગયેલો હતો. બનાવમાં તેઓના પીતાજી આગલા દિવસે એટલે કે તાઃ–૨૬/૧૨/૨૦૨૩ ના રોજ લગ્નના કામે ગજડી ગામ ગયેલા અને ત્યાંથી બીજે દિવસે બાઈક મોરાણા ગામે પરત આવતા હતા ત્યારે અકસ્માત બનેલ જે બાઈકના નં–જીજે–૩૬–બીએચ–૬૬૩૨ છે. બનાવમાં ઈક્કો ગાડીના ચાલકે પુરઝડપે ચલાવી તેઓના પીતાજીનો અકસ્માત કરી મૃત્યુ નિપજાવેલ. તેઓએ ઉપરોક્ત વાહન ચાલક વિરૂધ્ધ સદર ફરીયાદ ધ્રોલ સરકારી હોસ્પીટલમાં ફરીયાદ આપેલી.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, બનાવ બનેલ ત્યારે તેઓ મોરબી મુકામે હતા, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, બનાવ કઈ રીતે બનેલ તેની કોઈ જાત માહિતી તેઓને નથી, તેઓના

પીતાજી પાસે લાઈસન્સ ન હતુ, તેઓના પીતાજીના નામે આર.સી. બુક હતી, તેઓના પીતાજીના અકસ્માતનું વળતર લેવા માટે ક્લેઈમ કેસ કરેલ છે. વધુમાં બચાવપક્ષ દ્વારા સદર સાહેદને આ કામના આરોપીની ઓળખ પરેડ કોઈ સક્ષમ અધિકારી/કે માલતદાર રૂબરૂ કરાવવામાં આવેલ કે કેમ? તે મુજબ સવાલ પુછતા સદર સાહેદે પોલીસે તેમને સરકારી હોસ્પીટલ ધ્રોલ ખાતે આરોપીને બતાવેલા તેમ જવાબ આપેલ. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ અન્ય હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૨) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૦ થી પંચ સાહેદ જીતેન્દ્રભાઇ કાંતિભાઇ માલવીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, તેઓને જોડિયા પો.સ્ટેના ગુ.રજી. નં–૩૨૭/૨૦૨૩ ઈ.પી.કો કલમ ૨૭૯,૩૦૪(અ) મુજબના ગુનાના કામનું ઈન્કવેસ્ટ પંચનામુ બતાવતા જેમાં પંચ નં–૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૧ વાળુ પંચનામું રજુ રાખેલ છે આ સહી તેઓએ ધ્રોલ સરકારી હોસ્પીટલમાં કરેલી. આ સહી તેઓએ આશરે છ–સાત મહીના પહેલા કરેલી. ત્યાં પોલીસવાળાઓએ તેઓને રાયધનભાઈનો અકસ્માત થયેલો તે બાબતની સહી કરવાનું કહેતા સહી કરેલી. તેઓએ રાયધનભાઈને સ્ટ્રેચરમાં સીધા સુવડાવેલ અને માથે સફેદ કાપડ ઓઢાડેલ હતુ તેમ જોયેલા. જેને માથાના ભાગે અને પગના ભાગે તેઓએ ઈજા જોયેલી. તે સિવાય તેઓની હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે થયેલ ના હતી. તેઓએ બતાવેલ ઈજા મુજબની ઈજાઓનું વર્ણન પોલીસે લખેલ અને બાદમાં તેઓએ સહી કરેલી. ઉપરોક્ત કામગીરી આશરે એકથી દોઢ કલાક ચાલેલી.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, પોલીસવાળાઓએ તેઓને લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ અન્ય હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૨ થી પંચ સાહેદ નિલેશભાઇ હાજાભાઇ કુંભારવાડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, તેઓને જોડિયા પો.સ્ટેના ગુ.રજી. નં–૩૨૭/૨૦૨૩ ઈ.પી.કો કલમ ૨૭૯,૩૦૪(અ) મુજબના ગુનાના કામનું આંક–૧૧ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવતા જેમાં પંચ નં–૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે આ સહી

તેઓએ ધ્રોલ સરકારી હોસ્પીટલમાં કરેલી. આ સહી તેઓએ ક્યારે કરેલી તે તેઓને યાદ નથી. પોલીસે પંચ રોજકામમાં સહી કરવાનું કહેતા સહી કરેલી. આ સહી તેઓએ રાયધનભાઈ મરણ ગયેલ હોય તે બાબતે કરેલી. રાયધનભાઈને દવાખાને સ્ટ્રેચર પર કપડુ ઢાંકી સુવડાવેલ હતા અને મરણ ગયેલ હતા. તેઓ ઈજા જોઈ શકતા ન હોય ક્યાં ઈજા થયેલ તે જોયેલ નહી. પંચનામાની કાર્યવાહી આશરે એક કલાક સુધી ચાલેલી.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, પોલીસવાળાઓએ તેઓને કહેતા લખેલ કાગળમાં સહી કરેલી એ સિવાય તેમને કાંઇ ખબર નથી. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ અન્ય હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૪) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૪ થી પંચ સાહેદ પ્રવિણસિંહ નટુભા જાડેજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, તેઓને જોડિયા પો.સ્ટેના ગુ.રજી. નં–૩૨૭/૨૦૨૩ ઈ.પી.કો કલમ ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એક્ટ ૧૭૭,૧૮૪ મુજબના ગુનાના કામમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ બતાવતા જેમાં પંચ નં–૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૫ થી પંચનામું રજુ રાખેલ છે. તે સહી તેઓએ ગયા વર્ષે કરેલી અને પીઠડ ગામથી રસનાળ ટીંબડી ગામ તરફ જતા રોડ પર અકસ્માતના બનાવ બાબત કરેલી. સદર જગ્યાએ એક મોટર સાઈકલ જોવામાં આવેલ. અને મો.સા. વાહનમાં તુટભાંગ અને ઘોબા પડી ગયેલાનું જોવામાં આવેલુ. સદર જગ્યાએ એક ઈસમ હાજર હોય જેનુ તેઓ રૂબરૂ નામઠામ પુછતા કિશોરસિંહ પ્રભાતસિંહ જાડેજા હોવાનું જણાવેલ અને તેઓ આ કામના નજરે જોનાર સાહેદ હોય તેઓની રૂબરૂ બનાવ વાળી જગ્યા બતાવેલી.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, બનાવ સમયે તેઓ ત્યાં હાજર ના હોય બનાવ અંગે તેઓને અંગત જાતમાહિતી નથી, પંચનામામાં સહી કરી ત્યારે બનાવ સ્થળે કોઈ હાજર ના હતુ.

(૧૧.૫) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૬ થી પંચ સાહેદ હરેશભાઈ હેમતરામ દેવમુરારીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, તેઓને જોડિયા પો.સ્ટેના ગુ.રજી. નં–

૩૨૭/૨૦૨૩ ઈ.પી.કો કલમ ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એક્ટ ૧૭૭,૧૮૪ મુજબના ગુનાના કામમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ આંક-૧૫ વાળુ બતાવતા જેમાં પંચ નં-૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. તે સહી તેઓએ ગયા વર્ષે કરેલી અને પીઠડ ગામથી રસનાળ ટીંબડી ગામ તરફ જતા રોડ પર અકસ્માતના બનાવ બાબત કરેલી. સદર જગ્યાએ એક મોટર સાઈકલ જોવામાં આવેલ. અને મો.સા. વાહનમાં તુટભાંગ અને ઘોબા પડી ગયેલાનું જોવામાં આવેલુ.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, બનાવ સમયે તેઓ ત્યાં હાજર ના હોય બનાવ અંગે તેઓને અંગત જાતમાહિતી નથી, પંચનામામાં સહી કરી ત્યારે બનાવ સ્થળે કોઇ હાજર ના હતુ.

(૧૧.૬)ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૭ થી સાહેદ વિક્રમસિંહ સદુભા જાડેજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ગીરીશભાઈ રાયધનભાઈને તેઓ ઓળખતો નથી અને ગુજરનારને ઓળખતા નથી. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા પીઠડ રસનાળ રોડ પર દિવસના સમયે છ સાડા છ ની વાગ્યાની આજુબાજુ બનેલો. બનાવ સમયે તેઓ પીઠડથી આવતા હતા ત્યારે ત્યાં ઘણા માણસો ઉભા રહેલા હોય એટલે ત્યાં ઉભા રહેલ. આ અકસ્માત અગાઉ બનેલો તેઓ પાછળથી આવેલ. બનાવ સ્થળે એક મોટરસાઈકલ અને એક ઈક્કો ગાડી પડેલ હતી અને ત્યાં એક ભાઈ બેભાન હાતમાં પડેલ હતા. ક્યારે શુ અને કેવી રીતે બનેલ તે તેમને ખબર નથી. ત્યાં માણસો ઉભા હતા પછી તેઓ પોતાના ઘરે જવા માટે નીકળી ગયેલો. પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ નથી. જે અકસ્માત કરનાર કોણ હતુ તે ફોર વ્હીલના નંબર તેમને ખબર નથી. ત્યારબાદ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એપીપીશ્રી દ્વારા સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા ફરીયાદપક્ષને સમર્થનકારી હકિકત જણાવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, પોલીસવાળાઓએ ફક્ત તેમનુ નામઠામ પુછેલુ, રસનાળથી પીઠડનો રસ્તો એકદમ ગોલાઈ વાળો અને ખરબચડો રસ્તો છે.

(૧૧.૭) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૮ થી સાહેદ કિશોરસિંહ પ્રભાતસિંહ જાડેજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ગીરીશભાઈ રાયધનભાઈને તેઓ ઓળખતા નથી અને ગુજરનારને તેઓ ઓળખતા નથી. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા પીઠડ રસનાળ રોડ પર દિવસના સમયે ચાર પાંચ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ સમયે તેઓ પીઠડ ગામે જતા હતા. બનાવ સ્થળે પોલીસવાળાઓ કાંઈક લખાણ કરતા હતા અને તેઓનુ નામ સરનામું પુછેલુ. બનાવ સ્થળે એક મોટરસાઈકલ અને એક ઈક્કો ગાડી પડેલ હતી. ત્યાં કોઈ વ્યક્તિ પડેલ હોય તેવુ જોયેલ નથી. ત્યારબાદ તેઓ પોતાના ગામ પીઠડ જતા રહેલ. જે અકસ્માત કરનાર કોણ હતુ તે ફોર વ્હીલના નંબર તેમને ખબર નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલ. ત્યારબાદ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ.એપીપીશ્રી દ્ધારા સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા ફરીયાદપક્ષને સમર્થનકારી હકિકત જણાવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ દ્ધારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, પોલીસવાળાઓએ ફક્ત તેમનુ નામઠામ પુછેલુ, રસનાળથી પીઠડનો રસ્તો એકદમ ગોલાઈ વાળો અને ખરબચડો રસ્તો છે.

(૧૧.૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૦ થી સાહેદ મહેશભાઈ દેવદાનભાઈ બસીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ગીરીશભાઈ તેઓના કાકાનો દીકરો થાય છે અને ગુજરનાર રાયધનભાઈ ભગવાનભાઈ બસીયા તેઓ તેઓના સગા કાકા થાય છે. બનાવ આશરે દશેક માસ પહેલા પીઠડ થી રસનાળ વચ્ચે આવેલ રસ્તે આશરે ચાર પાંચ વાગ્યાની આસપાસ બનેલ. બનાવ વખતે તેઓ તેઓના ગામ મોરાણા ખાતે હતા ત્યારે પીઠડ ગામમા રહેતા સબંધી દીનેશભાઈ ભગવાનભાઈ સોઢીયાનો ફોન આવેલ અને જણાવેલ કે, તેઓના ગામ પીઠડની ઈકો ગાડી સાથે તમારા કાકાનુ એકસીડેન્ટ થયેલ છે. જેથી તેઓ ધ્રોલ સરકારી હોસ્પીટલમા લઈ જઈએ છીએ તેવુ જણાવેલ તેથી તેઓએ તેઓના મોટાબાપુના દીકરા અશોકને ફોન કરીને બનાવ બાબતે જણાવેલ કે તેઓને ધ્રોલ સરકારી હોસ્પીટલે જવાનુ છે તેમ જણાવેલ અને તેઓ પ્રાઈવેટ ગાડી લઈને અશોકભાઈ સાથે ધ્રોલ

સરકારી હોસ્પીટલે ગયેલા અને ત્યા હોસ્પીટલમા જઈને જોયેલ તો ડોકટર સાહેબે તેઓના કાકાને મરણ જાહેર કરેલા હતા. ત્યારબાદ તેઓ સગાસબંધી બધા ભેગા થઈ તેઓના કાકાને અંતીમ વીધી કરવા માટે મોરાણા ખાતે લઈ આવેલ. તેઓને અકસ્માત કરનાર ઈકો ગાડીના નંબર ખબર નથી. પરંતુ આ ઈકો ચલાવનાર નરેશભાઈ ગોવીંદભાઈ પઢીયાર છે તેવુ તેઓએ જાણેલુ. આ કામની ફરીયાદ તેઓના કાકાના દીકરા ગીરીશભાઈએ જોડીયા પોલીસ સ્ટેશનમા આપેલી અને પોલીસે તેઓનુ નીવેદન લીધેલુ. તેઓ આરોપીને જોયે ઓળખે છે

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા, બનાવ નજરે જોયેલ નથી કે બનાવ અંગે કોઈ અંગત જાત માહીતી નથી, રસનાળથી પીઠડ જવાનો રસ્તો ખરબચડો અને સીંગલ પટ્ટીનો છે. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ અન્ય હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૯) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૨૧ થી સાહેદ અશોકભાઇ મેસુરભાઇ બસીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ગીરીશભાઈ તેઓના કાકાનો દીકરો થાય છે અને ગુજરનાર રાયધનભાઈ ભગવાનભાઈ બસીયા તેઓ તેઓના સગા કાકા થાય છે. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા પીઠડ થી રસનાળ વચ્ચે આવેલ રસ્તે આશરે ચાર પાંચ વાગ્યાની આસપાસ બનેલ. બનાવ વખતે તેઓ તેઓના ગામ તારાણા ખાતે હતા ત્યારે તેઓના કાકાના દીકરા મહેશનો ફોન આવેલ અને જણાવેલ કે, કાકાનુ એકસીડન્ટ પીઠડની ઈકો ગાડી સાથે થયેલ છે અને તેઓને ધ્રોલ સરકારી હોસ્પીટલમા લઈ જાય છે તેવુ જણાવેલ તેથી તેઓ અને કુલદીપભાઈ ગાડી લઈને ધ્રોલ સરકારી હોસ્પીટો ગયેલા અને ત્યા હોસ્પીટલમા જઈને જોયેલ કે તેઓના કાકાને સ્ટ્રેચર પર સુવડાવેલ હતા અને ડોકટર સાહેબને પુછેલ ત્યારે તેઓએ જણાવેલ કે તમારા કાકા ગુજરી ગયેલ છે. ત્યારે તેઓએ પુછેલ કે આ ઈકો ગાડી કોની છે ત્યારે ઈકો ગાડીના ચાલક નરેશભાઈ ગોવીદભાઈ

પઢીયારે જણાવેલ કે હુ ગાડી ચલાવતો હતો ત્યારે ગોલાઈ વાળા વિસ્તારમા સામેથી કાકા આવતા હોય અથડાઈ ગયેલ જેથી હુ કાકાને સરકારી હોસ્પીટલે મારી ઈકો ગાડીમા લઈને આવેલ છુ.ત્યારે તેઓએ ઈકો ગાડીને રૂબરૂ જોતા આગળના ભાગે ડ્રાયવર સાઈડમા ભટકાયેલાનુ નીશાન જોવા મળેલ. ત્યારબાદ તેઓ સગા સબંધીઓ સાથે તેઓના કાકાને મોરાણા ગામે લઈ ગયેલા અને ત્યા તેઓની અંતીમ વીધી કરેલ. આ બનાવની ફરીયાદ તેઓના કાકાના દીકરા ગીરીશભાઈએ જોડીયા પોલીસ સ્ટેશનમા આપેલી અને પોલીસે તેઓનું નીવેદન લીધેલુ. તેઓ આરોપીને જોયે ઓળખે છે.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા, બનાવ નજરે જોયેલ નથી કે બનાવ અંગે કોઈ અંગત જાત માહીતી નથી, રસનાળથી પીઠડ જવાનો રસ્તો ખરબચડો અને સીંગલ પટ્ટીનો છે. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે બનાવના બીજા દીવસે પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ અન્ય હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૧૦)ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૨૪ થી સાહેદ કુલદિપભાઇ રમેશભાઇ બસીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ગીરીશભાઈ રાયધનભાઈ બસીયા તેઓના અદા(મોટા પપ્પા)ના દિકરા થાય છે. અને ગુજરનાર તેઓના મોટા બાપુ થાય છે. સદર બનાવ તાઃ-૨૭/૧૨/૨૦૨૩ ના રોજ પીઠડ થી રસનાળ જવાના વચ્ચે રસ્તામાં સાંજના આશરે પાંચેક વાગ્યાના અરસામાં બનેલ. બનાવ વખતે તેઓ પોતાના ઘરે હતા. પીઠડ ગામથી તેઓના ભાઈ મહેશભાઈ ઉપર ફોન આવેલ અને જણાવેલ કે રાયધનબાપાનો અકસ્માત થયેલ છે જેથી ધ્રોલ હોસ્પીટલે પહોંચવાનું છે તેવુ જણાવેલ. ત્યારે તેઓની પોતાની ગાડીમાં તેઓ અને મહેશભાઈ, અશોકભાઈ અને જીતેન્દ્રભાઈ ધ્રોલ સરકારી હોસ્પીટલમાં ગયેલા. ત્યાં જઈને જોયું તો તેઓના બાપુજી ગુજરી ગયેલા હતા ત્યાં સરકારી હોસ્પીટલમાં પી.એમ. અને પંચનામું કરવાનું બાકી હોય તે સમયે તેઓના પરીવારના માણસોને ત્યાં બોલાવેલા. અને હોસ્પીટલમાંથી તેઓના બાપુજીની અંતિમવિધી કરવા માટે તેઓના ગામે લાવેલા અને અંતિમવિધી કરેલ. આ બનાવ બાબતે નરેશભાઈ ગોવિંદભાઈ

વિરૂધ્ધ જોડિયા પો.સ્ટેમાં ફરીયાદ આપેલ. પોલીસે તેઓનું નિવેદન લીધેલ. બનાવ બાબતે તેઓના બાપુજી પીઠડ ગામ તરફ જતા હતા ત્યારે એક પીઠડ તરફથી આવતી અને રસનાળ તરફ જતી એક સીલ્વર કલરની ઈક્કો ગાડી સાથે અથડાઈ ગયેલ. જે ઈક્કો ગાડીના રજી. નંબર હાલ તેઓને યાદ નથી. આનાથી વિશેષ કાંઈ કહેવુ નથી. આ કામના આરોપીને જોયેથી ઓળખે છે.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, ફરીયાદી તેઓના મોટા બાપુજીના દિકરા થાય છે તથા મરણ જનાર તેઓના મોટા બાપુજી થાય છે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા જેથી તેઓએ બનાવ નજરે જોયેલ નથી, તેઓએ જે હકીકત જણાવેલ છે તે તેઓને તેઓના મોટા બાપુજીના દિકરા અશોકભાઈએ ફોન પર જણાવેલ,તેઓ તથા મહેશભાઈ, જીતેન્દ્રભાઈ વિ. તેઓના ઘરેથી સીધા ધ્રોલ સરકારી દવાખાને ગયેલા, ધ્રોલ સરકારી દવાખાનેથી સરકારી વિધી પુરી કરી અને તેઓના મોટા બાપુજીના અંતિમક્રિયા અર્થે ઘરે લઈ ગયેલ. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ અન્ય હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૧૧)ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૫ થી સાહેદ મનસુખભાઇ મેસુરભાઇ બસીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, આ કામના ફરીયાદી ગીરીશભાઈ રાયધનભાઈ બસીયા તેઓના કાકાના દિકરા થાય છે. ગુજરનાર રાયધનભાઈ તેઓના કાકા થાય છે. સદર બનાવ એકાદ વર્ષ પહેલા રસનાળ નાળા પાસે સાંજના પાંચ વાગ્યાની આસપાસ બનેલ. બનાવ વખતે તેઓ તેઓની વાડીએ હતા. તેઓને તેઓના ભાઈ અશોકભાઈએ ફોન કરીને જણાવેલ કે કાકાનો અકસ્માત થયેલ છે અને ધ્રોલ સરકારી દવાખાને લઈ ગયેલ છીએ જેથી તમો આવો. જેથી તેઓ તથા તેઓના ધ્રોલ સરકારી દવાખાને ગયેલા. ત્યાં હોસ્પીટલમાં જઈને જોયું તો તેઓના કાકા ગુજરી ગયેલા હતા. તેઓના કાકા ગુજરી ગયેલ તેમની લાશ લઈને તેઓના તેઓના ઘર પર આવેલા અને અંતિમવિધી કરેલ. આ બનાવ કયા વાહન જોડે કઈ રીતના બનેલ તેની મને ખબર નથી. તેઓને પાછળથી જાણવા મળેલ કે એક ઈક્કો ગાડી અને તેઓના કાકાના મોટરસાઈકલ વચ્ચે અકસ્માત થયેલ. ફરીયાદ ક્યાં આપેલી તે તેમને હાલ યાદ નથી. પોલીસે તેઓની પુછપરછ કરેલી.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ

હકિકતનો સ્વિકાર કર્યો છે કે, ફરીયાદી તેઓના કાકાના દિકરા થાય છે તથા મરણ જનાર તેઓના કાકા થાય છે, બનાવ સમયે તેઓ વાડીએ હતા જેથી તેઓએ બનાવ નજરે જોયેલ નથી, તેઓએ જે હકીકત જણાવેલ છે તે તેઓને તેઓના ભાઇ અશોકભાઈએ ફોન પર જણાવેલ, તેઓ તથા તેઓના પિતાજી સીધા ધ્રોલ સરકારી દવાખાને ગયેલા, ધ્રોલ સરકારી દવાખાનેથી સરકારી વિધી પુરી કરી અને તેઓના કાકાની અંતિમક્રિયા અર્થે ઘરે લઈ ગયેલ. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ અન્ય હકિકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૧૨)ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૯ થી તપાસ કરનાર અમલદાર ભદ્રરાજસિંહ લાલુભા ઝાલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, ગઈ તા:– ૨૭/૧૨/૨૦૨૩ ના રોજ ફરીયાદી ગીરીશભાઈ રાયધનભાઈ બોરીચા રહે. મુળ ગામ મોરાણા વાળાએ પોતાની ફરીયાદ જોડિયા પો.સ્ટે માં લખાવેલ કે પોતાના પિતા રાયધનભાઈ ભગવાનભાઈ પોતાનું મોટરસાઈકલ નં – જીજે – ૧૦ –બી.એચ.–૬૬૩૨ વાળુ લઈ ગજડી ગામથી પોતાના ગામ તરફ જતા હતા ત્યારે સામેથી પીઠડ ગામ તરફથી ઈક્કો કાર નંબર –જીજે–૩૬ –એ.સી–૫૫૦૦ ના ચાલક નરેશભાઈ ગોવિંદભાઈ રહે. પીઠડ વાળાએ પોતાની ઈક્કો કાર પુરપાટ ઝડપે ગફલતભરી રીતે ચલાવી સામેથી આવતા મો.સા. ને ટક્કર મારી મો.સા. ચાલક રાયધનભાઈ ભગવાનભાઈને પછાડી દઈ માથાના ભાગે ગંભીર તથા શરીરના અન્ય ભાગે ઈજા કરી મોત નીપજાવી ગુનો કર્યા અંગેની ફરીયાદ કરેલ જેની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લઈ સદર ગુના વાળી જગ્યાનું પંચનામું કરેલ તથા લાગતા વળગતા સાહેદ અશોકભાઈ મેસુરભાઈ, કુલદિપભાઈ રમેશભાઈ, મનસુખભાઈ મેસુરભાઈ, મનીષાબેન રમેશભાઈ વિગેરે સાહેદોના અમારા રૂબરૂ નિવેદનો લીધેલ જેમાં સાહેદોએ ફરીયાદને અનુરૂપ પોતાના નિવેદનો લખાવેલ તેમજ આ કામના ઈક્કો કાર નંબર – જીજે – ૩૬ –એ.સી–૫૫૦૦ ના ચાલક નરેશભાઈ ગોવિંદભાઈ રહે. પીઠડ વાળા ની હાજરી પ્રસ્થાપિત કરવા માટે તેમના મોબાઈલની કોલ ડીટેઈલ કઢાવી તેમજ લોકેશનની ડીટેઈલ કઢાવતા આ કામે બનાવ સમયે આરોપીનું લોકેશન બનાવ સ્થળ પર આવેલ અને આરોપી વિરૂધ્ધમાં વાહન અકસ્માત કર્યા અંગે પુરતો પુરાવો હોય તા:–૦૯/૦૧/૨૦૨૪ ના કલાક ૧૨ – ૪૫ વાગ્યે આ કામના આરોપીને અટક કરેલ અને બીજા દિવસે જામીન મુક્ત કરેલ તેમજ સદરહું ગુનાના કામે મરણ જનારની પી.એમ. નોટ તથા સર્ટી મેળવી તેમજ અન્ય પુરાવા મેળવતા આરોપી વિરુધ્ધમાં પુરતા પુરાવા હોય ચાર્જશીટ નં–૮/૨૪, તા:–૦૫/૦૩/૨૦૨૪ થી નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને ફરીયાદ પહેલાની મરણ જનારના ઈન્કવેસ્ટ ભરવાની, મરણોતર ફોર્મ ભરવાની,

લાશ સોંપ્યાની તથા ફરીયાદ લેવાની કાર્યવાહી બાલંભા આઉટ પોસ્ટના એ.એસ.આઈ આર. એમ. જાડેજા દ્વારા કરવામાં આવેલ છે. તેઓને અકસ્માત રીપોર્ટ ફોર્મ નં–૨૯, તા:– ૦૬/૦૧/૨૦૨૪ વાળા રીપોર્ટની અસલ નકલ બતાવતા જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ છે તે જ છે. તેમને અકસ્માતમાં મરણ જનારની અસલ પી.એમ. નોટ બતાવતા જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ છે તે જ છે. તેમને આંક – ૧૧ વાળુ ઈન્કવેસ્ટ પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચોની સહીઓ છે તથા રૂબરૂ તરીકે બાલંભા આઉટ પોસ્ટના એ.એસ.આઈ આર. એમ. જાડેજા નાઓની સહી છે તે જ છે. તેમને આંક ૧૫ વાળુ બનાવ વાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચોની સહીઓ છે તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે તે જ છે. આ કામના આરોપીને નામ. કોર્ટમાં ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કર્યો છે કે, કહેવાતી બનાવ વાળી જગ્યા જાહેર રોડ છે અને જ્યાં ઘણા બધા વાહનોની સતત અવર જવર રહે છે, ગજડી થી પીઠડ જવાનો રસ્તો છે તે વળાંક વાળો રસ્તો તેમજ સીંગલ પટી રફ રસ્તો છે, બનાવ વાળી જગ્યાની આસપાસ ખેતીની જમીનો આવેલ છે અને ત્યાં ઘણા બધા લોકો ખેતી અંગેનું કામકાજ કરતા હોય છે. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ અન્ય હકિકતનો ઈન્કાર કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૧૨) ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે તપાસવામાં આવેલ ઈન્કવેસ્ટ પંચનામાના પંચો દ્વારા પંચનામા મુજબની હકિકત જણાવેલ છે. ફરીયાદીના પિતાનું અકસ્માતમાં મૃત્યુ થયેલ છે તે હકિકત નિર્વિવાદ છે. જેથી તે પંચનામું સાબિત થયેથી આરોપી વિરૂદ્ધ કોઇ હકિકત સાબીત માની શકાય નહી. ત્યારબાદ બનાવવાળી જગ્યાના પંચોને તપાસવામાં આવેલ છે. તેઓએ બનાવવાળી જગ્યાએ મો.સા. વાહન તુટભાંગ અને ઘોબા પડી ગયેલ જોયેલ. પરંતુ આ કામે કહેવાતા અક્સમાત કરનાર ઈકો ગાડી બનાવ સ્થળે જોયેલ હોઇ તેવી કોઈ હકિકત જણાવેલ નથી. જ્યારે પંચનામામાં સદર ઈકો કારનું વર્ણન કરવામાં આવેલ છે. જેથી સદર પંચોએ લખાવ્યા મુજબ જ પંચનામું લખેલ છે તે બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં તેઓ પોતાની ઉલટતપાસમાં પંચનામામાં સહી કરી ત્યારે બનાવ સ્થળે કોઇ હાજર ના હતુ તેવી હકિકત જણાવેલ છે. જેથી સદર પંચનામું પુરવાર થતુ નથી.

ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ તમામ સાહેદ હીયરસે વીટનેસ છે કોઇપણ સાહેદ દ્વારા સદર બનાવ નજરે જોયેલ નથી કે તેઓને બનાવ અંગે કોઇ જાત માહીતી નથી. તપાસ કરનાર અમલદાર દ્વારા બનાવ નજરે જોનાર કોઇ સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી કે કોઇ નજરે જોનાર સાહેદોને આ કામે ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ નથી. જેથી બનાવ સમયે અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ, વાહન કેવી રીતે ચાલતુ, વાહનની ઝડપ કેવી હતી, ક્યા વાહનની ભુલના કારણે અકસ્માત બનેલ અને અકસ્માત કયા વાહન દ્વારા બનેલ તે હકિકત રેકર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોએ પોતાની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે અકસ્માતવાળી જગ્યા જાહેર રોડ છે અને ઘણાં બધા વાહનોની અવર જવર રહે છે તેમજ અકસ્માત જે રોડ પર થયેલ છે તે રસ્તો વળાંક વાળો તેમજ સીંગલ પટી રફ રસ્તો છે. જેથી આવા રસ્તા પર વાહન પુરઝડપે ચાલી ન શકે તે સ્વાભાવિક છે.

વધુમાં, બનાવ વખતે આરોપીએ જાહેર રસ્તા ઉપર પોતાનું વાહન મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય એ રીતે અથવા કોઇપણ વ્યક્તિને વ્યથા અથવા તો હાની પહોંચે તે રીતે બેફામપણે અને ગફલતભરી રીતે હંકારતા હોય તેવી કોઇ હકિકત ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી. હાલના કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવો શંકા ઉપજાવે છે જે શંકાનો લાભ આરોપીને મળવો જોઇએ. આ કામના આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળી શકે તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, જેથી આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

(૧૩) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તા.૨૭/૧૨/૨૦૨૩ ના કલાક ૧૬/૧૫ વાગ્યાની આસપાસ રસનાળ ગામ પાસે શીતળા માતાજીના મંદીર પાસે રોડ ઉપર પહોંચતા, પીઠડ ગામ તરફથી આ કામના આરોપી તેમની પાસે રહેલ ઇકો ગાડી રજી નં.-જી.જે.૩૬ એ.સી.૫૫૦૦ ને પુરઝડપે, ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના પિતા રાયધનભાઇ ની મોટર સાઇકલને હડફેટે લઈ રોડ ઉપર પછાડી દઈ મોત નીપજાવી ગુન્હો કરેલ હોય તેવી મહત્વની હકીકત ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, જેથી આરોપીને તેમની વિરૂધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઈ મુદ્દા નં.૧, નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

(૧) આ કામના આરોપી નરેશભાઇ ગોવીંદભાઇ પઢીયાર, રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગર નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૫(૧) અન્વયે, તેઓની વિરૂઘ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/ રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭એ મુજબના જામીન આપવા જે જામીન ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીન ખત રદ કરવા.

આ હુકમ આજ તારીખ-૨૦મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા
તારીખ: ૨૦/૦૩/૨૦૨૬

**(કું. એમ.એચ.મકવાણા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જી.જામનગર
GJ01523

બી.કે.બળદા
(ગુજ.સ્ટેનો)